એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી,
મુંબઈ સંલગ્ન રાજ્યની કોલેજોની ડિગ્રીને
રાજ્ય સરકાર દ્વારા માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬.૧૧.૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૧/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:-ઉગજ/૨૬૧૦/સી.સી.૮૦૩૧/ખ-૧

**આ મુ ખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ અનુસાર ઠરાવની તારીખ બાદ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કોલેજોને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ બંધ કરી રાજ્ય સરકાર હસ્તકની તેમજ રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત અને જે-તે વિસ્તારને લાગુ પડતી યુનિવર્સિટી સાથે તાત્કાલિક ધોરણે જોડાણ મેળવી લેવા તથા લાગુ પડતી યુનિવર્સિટીને આ પ્રકારની દરખાસ્ત સત્વરે મંજૂર કરવા સૂચના આપવામાં આવેલ હતી.

ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કેટલીક સંસ્થાઓએ હાલ સુધીમાં પણ રાજ્ય સરકારના વંચાણે લીધેલ ઠરાવ મુજબ કાર્યવાહી કરેલ ન હોવાથી તથા શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવને અનુલક્ષીને ઠરાવ બાદ પણ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન હોવાના કારણે એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈની ડિગ્રી રાજ્ય સરકારની ભરતી પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવતી ન હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે પ્રશ્નો સર્જાયેલ હોવાનુ રાજ્ય સરકારના ધ્યાને આવેલ છે.જેથી આ મુજબની સંસ્થાઓની ડિગ્રીને રાજ્ય સરકારની ભરતી પ્રક્રિયામાં માન્ય રાખવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ -**

આથી પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના વિશાળ સમુદાયની વિવિધ રજૂઆતોને ધ્યાને લઇને ફક્ત વિદ્યાર્થીઓના હિતને અનુલક્ષીને શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય એવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથે જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનુ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, જી.પી.એસ.સી.ભવન,ગાંધીનગર
- વાઈસ ચાન્સેલરશ્રી,શ્રી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસે વુમન્સ યુનિવર્સિટી,નાથીબાઈ ઠાકરસે રોડ, મુંબઈ-૪૦૦૦૨૦
- રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત સર્વે યુનિવર્સિટીઓ
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ.
- નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ.
- કમિશ્નરશ્રી માધ્યમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ.
- સંયુક્ત સચિવશ્રી,પ્રાથમિક શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.
- કમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ
- સિલેક્ટ ફાઈલ.